## PRESS COVERAGE:

**PUBLICATION NAME: BRAHMASTRA (GUJARATI WEEKLY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 19-07-2018
**PAGE NO.** 03
**TOTAL SQ. CM.** 170
**TITLE:** ***Nayara Energy Limited provides guidance to students about safety measures***

---

# નયારા એનર્જી દ્વારા વિદ્યાર્થીઓને આપતિ સમયે સાવચેતી અંગે માર્ગદર્શન અપાયું

નયારા એનર્જી લિમિટેડએ શાળા સલામતી સપ્તાહ ઉજવણી અંતર્ગત ખંભાળિયા પંથકની પાંચ શાળાઓના આશરે ૧૯૨૯ વિદ્યાર્થીઓ તથા ૪૦ શિક્ષકોને કુદરતી કે માનવ સર્જીત આપતિ સમયે સાવચેતી રાખી કઇ રીતે સુરક્ષિત પગલા ભરી શકાય ? એ અંગેનું માર્ગદર્શન લાઇવ ડેમો મારફતે આપવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય આપતિ વ્યવસ્થા સત્તામંડળના આયોજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા શાળા સલામતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વાડીનારમાં આવેલી નયારા એનર્જી લિમિટેડએ જોડાઇ ખંભાળિયા પંથકની પાંચ શાળાઓમાં માર્ગદર્શક કાર્યક્રમો યોજયા હતા. જેમાં વાડીનાર પ્રાથમિક શાળા, વાડીનાર ધાર વાડી પ્રાથમિક શાળા, નાના આંબલા પ્રાથમિક શાળા, ઉગમણાબારાની સરકારી સેકન્ડરી સ્કૂલ અને ખંભાળિયાની દા.સુ. ગર્લ્સ હાઇસ્કૂલનો સમાવેશ થાય છે. આ શાળાઓમાં આશરે ૧૯૨૯ વિદ્યાર્થીઓ તથા ૪૦ શિક્ષકોએ કુદરતી તથા માનવસર્જીત આપતિ વખતે રાખવી જોઇતી સાવચેતી અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

નયારા એનર્જી લિમિટેડના ફાયર વિભાગના તાલીમથી સુસજજ થયેલા જવાનોએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આધુનિક સાધનો અને ઘર ઉપયોગી સાધનો વડે ડેમો યોજી કુદરતી કે માનવસર્જીત આપતિ વખતે તાકીદના ધોરણે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ તે માટે કઇ પ્રકારની તકેદારી રાખવી જોઇએ તે અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. કંપનીના તાલીમબદ્ધ કર્મચારીઓએ આપેલા માર્ગદર્શન અને પ્રશ્નોતરીના સંતોષકારક ઉતરથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ નયારા એનર્જી લિમિટેડનો આભાર વ્યકત કર્યો હતો.